આધાફુલના પરાક્રમોની હજુ ઘણી વાર્તાઓ છે.

**બધી વાંચી નાંખો, એક પણ વાર્તા ચુકાઈ ન જાય.**
















Developed and created by **BBC Media Action**
with support from **UNICEF, DOVE** and **the Centre for Appearance Research**

# આધાફુલ અને ખજાને કા નકશા



# બદલીપુરની 'ટીમ' આધાકુલ



- નામ : કિટ્ટી
- ઉંમર: 16 વર્ષ
- ધોરણ : અગિયારમું
- ગુણ : જોશ પણ છે અને હોશ પણ
- *કિટ્ટી માટે કશું અશક્ય નથી

કિટ્ટી



- નામ : અદરક
- ઉંમર : 15 વર્ષ
- ધોરણ : સાતમું સ્કૂલ છોડી દીધી છે
- ગુણ : એક નંબરનો જુગાડૂ
- *અદરક પાસે આઈડિયાનો ભંડાર છે

અદરક



- નામ : તારા
- ઉંમર : 12 વર્ષ
- ધોરણ : સાતમું
- માહિતીનું : હાલતું – ચાલતું પુસ્તક
- *તારા ક્યારેય જૂઠું નથી બોલતી

તારા

ત્રણે બદલીપુરમાં રહે છે. ત્રણેને જાસૂસી કરવાનો બહુ શોખ છે. બદલીપુરમાં કંઈપણ બને છે તો ત્રણે પહોંચી જાય છે કેસને ઉકેલવા. આ ત્રણેએ મળીને એક ટીમ બનાવી છે જેનું નામ છે, આધાકુલ.




આ તો કોઈ ખજાનાનો નકશો હોય તેવું લાગે છે.
કદાચ મને ખબર છે.
તબડીક
તબડીક
!!
મેં એક વખત એક પુસ્તક વાંચ્યું હતું, બદલીપુરનો ઈતિહાસ.
તેમાં લખ્યું હતું કે ઘણાં વર્ષો પહેલાં થોડા ડાકુઓએ એક શેઠને લૂંટ્યા.
પછી બધું ધન લૂંટીને ક્યાંક છુપાવી દીધું હતું. જગ્યા ભુલાઈ ન જાય તે માટે
તેનો એક નકશો બનાવી લીધો હતો. બની શકે કે તે આ જ હોય.




તારા, હવે મજા આવશે.
આપણે બધા મળીને ખજાનો શોધીશું.
યાહૂ!
પરંતુ હું તમારી સાથે નહીં આવી શકું.
સીમા, શું તને જોશભર્યા, સાહસવાળા કામોમાં મજા નથી આવતી?
એવી વાત નથી અદરક!! મમ્મી ના પાડે છે ઘરની બહાર જઈને ઉછળકૂદ કરવાની.
મમ્મી કહે છે, છોકરીઓએ ઘરમાં જ રહેવું જોઈએ.
સિલાઈ, રસોઈ જેવાં કામો જ કરવા જોઈએ.
સીમા, કેટલી વાર કહ્યું છે કે છોકરાઓની જેમ બહાર રમવા ન જા.
છોકરીઓ ઘરમાં રહીને સિલાઈકામ શીખે છે.
રસોઈ બનાવતાં શીખ!






જેન્ડરનો અર્થ એવી સામાજિક વ્યવસ્થા છે જેમાં તમે છોકરો છો કે છોકરી એ તેના આધારે નક્કી થાય છે કે તમારે કેવા દેખાવું જોઈએ, કેવી ચાલ-ચલગત હોવી જોઈએ, કેવું વર્તન કરવું જોઈએ અને ક્યાં ક્યાં કામો કરવાં જોઈએ. તમારી પાસેથી શી અપેક્ષાઓ રાખવામાં આવશે, તમારી ફરજો શું હશે અને ક્યા પ્રકારના અધિકારો અને સાધનો તમને આપવામાં આવશે તે પણ એ વાત પર આધાર રાખે છે કે તમે છોકરો છો કે છોકરી. આ નિયમો છોકરાઓ અને છોકરીઓની શારીરિક ક્ષમતા મુજબ નહિ, પરંતુ વર્ષોથી ચાલી આવતી રુઢીવાદી વિચારસરણીના આધારે બનાવવામાં આવ્યા છે.

સ્ટીરિયોટાઈપનો અર્થ છે, સમાજ એક માપદંડ નક્કી કરે છે અને પછી બધાને એ માપદંડોને અનુસરવા મજબૂર કરે છે. જેમ કે બધી છોકરીઓ ઘર સંભાળશે અને બધા છોકરાઓ પૈસા કમાશે.











ચાલો જેન્ડર સ્ટીરિયોટાઇપ ખતમ કરીએ.




હવે આપણે સાથે મળીને ખજાનો શોધીશું.
કિટ્ટી, મને સમજાઈ ગયું.
આ નકશો તો જંગલવાળા ખંડેર તરફ જાય છે.
N
W
E
S




ચારેય જંગલમાં આગળ વધે છે.
થોડે દૂર સુધી ચાલ્યા બાદ સામે એક ઊંડી ખાઈ આવે છે.
હવે આપણે આ ખાઈ કેવી રીતે પાર કરીશું?
આપણી પાસે તો દોરડું પણ નથી.
મારી પાસે એક યુક્તિ છે.


યુક્તિ?? કિટ્ટી, બોલ કેવી રીતે પાર કરીશું.
આ વડવાઈઓ પર લટકીને!!!
ચાહૂ!
સર્ર્ર્ર
એક-એક કરીને ચારેય લટકીને ખાઇ પાર કરી લે છે.
વાહ! શું યુક્તિઓ છે તારી પાસે!




ચાલતાં ચાલતાં ત્રણે ખંડેર પાસે પહોંચે છે.
ખંડેર એટલું ડરામણું હતું કે અદરકને પરસેવો છૂટવા લાગ્યો.
નકશા મુજબ ખજાનો આ જ ખંડેરમાં છે.
મને બીક લાગે છે, હું અંદર નહીં જઉં.
તમે બધા અહીં જ રોકાઓ. હું એકલી જઈને લઈ આવીશ.







સીમા અંદર જાય છે અને પત્થર ખસેડીને નીચે છુપાયેલો ખજાનો શોધી કાઢે છે.






સીમા ખજાનો લઇને બહાર આવે છે તો સૌ આનંદમાં આવી જાય છે.



બીજા દિવસે બધા અખબારોમાં સીમાનું પરાક્રમ છપાય છે.
ટીવી પર સમાચારોમાં પણ આવે છે.









# LLDB

દીકરો દીકરી બન્ને બરાબર



**સમાપ્ત**





## વાર્તાનો બોધ

### આ વાર્તામાંથી તમે શું શીખ્યા?

જ્યારે સમાજ નક્કી કરે છે કે છોકરો અને છોકરી શું કરી શકે અને શું ન કરી શકે, ત્યારે આપણે તેને સ્ટીરિયોટાઇપ કહીએ છીએ. તે વર્ષોથી ચાલ્યા આવે છે અને સામાજિક હોય છે.

તે છોકરા-છોકરી બન્ને માટે નુકસાનકારક હોય છે અને તેમને જીવનમાં પ્રગતિ કરતાં રોકે છે. જેમ કે, તેના કારણે જે છોકરાઓને રસોઇ બનાવવાનો શોખ હોય છે, તે રસોઇનું કામ એવું વિચારીને નથી કરી શકતા કે એ કામ તો બસ છોકરીઓનું જ છે. અને જે છોકરીઓને ક્રિકેટ રમવાનો શોખ હોય છે, તે એવું વિચારીને આ રમત નથી રમતી કે ફક્ત છોકરાઓ જ ક્રિકેટમાં આગળ વધી શકે છે.

એ જરૂરી છે કે છોકરા અને છોકરીઓ બન્નેને પ્રગતિ કરવાની સમાન તક આપવામાં આવે.



## ચોક્કસ રમો

થોડો સમય કાઢો,
અને વિચારો કે આ વાર્તામાંથી તમે શું શીખ્યા.




-: તમારા ઘરમાં મોટાભાગે :-

| | | | | |
|---|---|---|---|---|
| કોને ક્રિકેટ રમવા દેવામાં આવે છે? G/B | કોણ સવારે મોડું ઉઠે છે? G/B | કોણ રસોઈ કરવામાં મદદ કરે છે? G/B | કોણ બજારમાંથી ચીજવસ્તુઓ લાવે છે? G/B | કોણ શાકભાજી સમારવામાં મદદ કરે છે? G/B |
| કોણ વાસણ અથવા કપડાં ધુએ છે? G/B | ઘરમાં કોની પસંદગીનું ભોજન વધુ બનાવવામાં આવે છે? G/B | કોણ પોતું કરે છે? G/B | કોને સાંજ પડ્યા પછી બહાર જવા દેવામાં આવે છે? G/B | કોણ પાણી ભરે છે? G/B |



## ઈચ્છા હોય તો આ પણ રમો

છોકરા-છોકરીઓ બન્ને સમાન હોય છે અને જે ઈચ્છે
તે કરી શકે છે તેવો વિચાર કરો અને તેનું (છોકરો, છોકરી અથવા બન્ને) ચિત્ર દોરો
જે તમને લાગતું હોય કે તે વ્યવસાય કરી શકે છે.



-: નીચે જણાવેલનાં ચિત્રો દોરો :-

એક ડૉક્ટર

એક શિક્ષક

એક દુકાનદાર

એક નર્સ

હવે તમે બનાવેલ ચિત્ર જુઓ. તમે કયા વ્યવસાય માટે છોકરાનું ચિત્ર દોર્યું છે, અને કયા વ્યવસાય માટે છોકરીનું? અને કયા વ્યવસાય માટે બન્નેનું ચિત્ર દોર્યું છે?